ક્રિમીનલ કેસ નં.૯૯૧૬/૧૩

## આંક: ૧ લગત આખરી હુકમ:

ફરીયાદીને સાંભળ્યાં, આંક: ૧૧ ની સમાધાન પુરસીસ તથા કેસનું રેકડ વંચાણે લીધું આંક: લગત કરવામાં આવેલ વિ.એ.પી.પી.શ્રીનો શરો ધ્યાને લીધો.

આ કામે લોક અદાલતના સમન્સ / નોટીસ/ પક્ષકારોને કાઢતાં ફરિયાદી/ ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. ,પરંતુ આરોપી હાજર થયેલ નથી. આરોપી આ કેસની ટ્રાયલમાં શરુઆતથીજ મળી આવતા નથી. ફરિયાદી/ ભોગ બનનાર હાલની આંક:૧૧ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવાનો નથી. સરદ પુરસીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતાં સ્વેચ્છાએ કબુલ– મુજુર રાખેલ છે.

ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરુધ્ધનો ગુનો તેની ગેર હાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

નામદાર કેરલાની વડી અદાલતે ૨૦૦૮, ક્રિમીનલ લો જનરલ, ૯૨૮ વાય.પી બેજુ વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરલા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે,
"in Section 320,in compounding of offence, Criminal Court can not insist that joint application by accused and bictim should be filed for compounding of offence-accused need not be present for compunding the offence even if non-bailable warrant is pending against him"

આમ,ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિંધ્ધાંત ધ્યાને લીધ, સદર સિધ્ધાંત મુજબ કિ.પ્રો.કોડ કલમ: ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હકીકતને ધ્યાને લેતાં જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકસાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી જેથી હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::: હુ ક મ :::

૧. આરોપી સામેના ગુનાના તહોમતને ક્રિ.પ્રો.કો. ક. ૩૨૦ સાથે વંચાણે લેતાં આરોપીના તેમના સામેના ઈ.પી.કો.ક. ૩૭૯ ના ગુનાના તહોમત માથી કિ.પ્રો.કો.ક. ૩૨૦(૧) (૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી સામે કાઢવામાં આવેલ પકડ વોરંટ આથી પરત મંગાવવા પો. સ્ટે. યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

૩. મુધ્દામાલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપીના જામીન ખત અપિલ સમય વિત્યે રદ ગણવા.

તા. ૨૨–૦૪–૨૦૧૮
અમદાવાદ(ગ્રામ્ય)

(નેહા રતુસરીયા)
છઠ્ઠા એડી. સીવીલ જજ.
જી.જે.૦૧૩૩૩